ટેસ્ટીંગ ચાર્જીસની રકમ ૧% (એક ટકા) લેખે
વસુલાત કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્રક્રમાંકઃ-પરચ/૧૦૯૭/૧૩૯૭/(૧૧)/પા.ફ઼ા./ક-૧(એમઆઈસેલ),
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૧/૨૦૧૩

સંદર્ભઃ-(૧) માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક-ટીએનસી/૧૦૮૫(૪)/સ તા.૧૦-૫-૧૯૮૫.
(૨) માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક-ટીએનસી/૧૦૮૫/(૪)/સ, તા.૨૦-૧૨-૧૯૯૧

પરિપત્રઃ-

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૧૦-૫-૧૯૮૫ ના ઠરાવ અન્વયે ટેસ્ટીંગ ચાર્જીસની જોગવાઈ અનુસાર ટેન્ડરની અંદાજીત રકમના ૧% (એક ટકા) લેખે થતી રકમ ઠેકેદારના બીલોમાંથી કપાત કરવાની રહે છે. ઠેકેદાર પાસેથી ગેરીની કોઈ પણ ક્ષેત્રિય લેબોરેટરીઓ માર્ગ અને મકાન વિભાગના બાંધકામો માટે હવે પછી કોઈ પણ ચાર્જ વસુલ કરશે નહીં. ૧% ઉપરાંત વધારાનો ટેસ્ટ ચાર્જ ઈજારદાર પાસેથી વસુલ લેવાનો રહેશે નહીં તેવી જોગવાઈ છે.

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ-૨ માં દર્શાવેલ તા.૨૦-૧૨-૧૯૯૧ ના ઠરાવની જોગવાઈ અનુસાર ટેન્ડરની અંદાજીત રકમમાંથી શીડ્યુલ-એ હેઠળ વિભાગ તરફથી કોન્ટ્રાકટરોને માલ-સામાન આપવામાં આવે છે તે માટે ટેન્ડરની અંદાજીત રકમના માલ-સામાનના બેઝીક ભાવથી રકમ ઓછી કરી બાકી રહેતી અંદાજીત રકમની ૧% લેખે ટેસ્ટીંગ ચાર્જીસ વસુલ કરવાની થાય છે.

સદર જોગવાઈ ફકત માર્ગ અને મકાન વિભાગને જ લાગુ પડતી હતી. પુખ્ત વિચારણાના અંતે સદર પરિપત્રની જોગવાઈઓ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે પણ અમલી બનાવવામાં આવે છે. આ માટે ટેન્ડર બુકલેટ બી-૧ (કલોઝ નં.૭૭) અને બી-૨ (કલોઝ નં.૭૬) હેઠળ કરેલ જોગવાઈ લાગૂ પાડવાની રહેશે.

પાછળના પાને
યાદી ટેન્ડર

ઉપરોકત સંદર્ભિત નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમની ફીલ્ડ લેબોરેટરી/ગેરી અથવા સરકાર માન્ય પ્રયોગશાળામાં ટેસ્ટીંગ કરાવે છે. જેનો ચાર્જ ઈજારદાર દ્વારા પુરેપુરો ભરપાઈ કરવાની જે પ્રથા અમલી છે તે રદ કરવામાં આવે છે. તેની જગ્યાએ ઉપર મુજબની માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર અન્વયેની પ્રથા અમલી બનશે.

ઉપરોકત જોગવાઈઓ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી(જસં.) ની તા.૧૦-૧-૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

( એમ. ડી. પટેલ )
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

પ્રતિ,
(૧) માન. મંત્રીશ્રી(જસં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી રાજય કક્ષા(જસં.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) સચિવશ્રી(જસં.)ના અંગત સચિવશ્રી, ન.જસં.પા.પુ. અને ક.વિ, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી (મા×મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, ન.જસં.પા.પુ. અને ક.વિ, સચિવાલય, ગાંધીનગર
(૬) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી,
(૭) સર્વે ઉપ સચિવશ્રી (તાંત્રિક), ન.જસં.પા.પુ. અને ક.વિ, સચિવાલય, ગાંધીનગર
(૮) સિલેકટ ફાઈલ.

યાદી ટેન્ડર